# જાહેર ખબર

# ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)

બ્લોક નં.૨, ડી-૨ વિંગ, ચોથો માળ, કર્મયોગી ભવન, સે-૧૦/એ, ગાંધીનગર

## અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિ (અતિ પછાત)ના વ્યક્તિઓ માટે

અનુસૂચિત જાતિ પૈકી ૧૨ અંત્યોદય જાતિઓ જેમાં હાડી, નાડિયા, સેનવા-સેનમા-શેનવા-શેનુવા-સેડમા-રાવત, તુરી, ગરો-ગુરીડા-ગુરૂબ્રાહ્મણ-ગરવા, વણકર સાધુ, અનુ.જાતિના બાવા, થોરી, તીરગર-તીરબંદા, તુરી-બારોટ, માતંગ, વાલ્મીકિ(સફાઇ કામદાર સિવાયના)ના વ્યક્તિઓને સ્વરોજગારી પુરી પાડવાના હેતુથી નિગમ દ્વારા નીચે દર્શાવેલ યોજનાઓ માટે વર્ષ:૨૦૨૩-૨૪ અન્વયે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે .

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ કોસ્ટ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | નાના ધંધા /વ્યવસાય ધિરાણ | રૂ.૧,૨૫,૦૦૦/- |
| ૨ | પશુપાલન | રૂ.૧,૦૦,૦૦૦/- |
| ૩ | પેસેન્જર વાહન / માલવાહક વાહન | રૂ.૭,૫૦,૦૦૦/- |
| ૪ | મહિલા સમૃધ્ધિ | રૂ.૫૦,૦૦૦/- |

આ અરજી કરવાની મુદત તા: ૨૩/૦૨/૨૦૨૪ થી તા.૨૩/૦૩/૨૦૨૪ સુધીની રહેશે. અરજી નિગમની વેબસાઇટ https://sje.gujarat.gov.in/gapb પર ઓનલાઇન કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતા પહેલા યોજનાની વિગતો/શરતો અવશ્ય વાંચી લેવા જણાવવામાં આવે છે.

હેલ્પલાઇન નં: ૦૭૯-૨૩૨-૫૬૩૨૩

નોંધ: ફોર્મ ભરતા સમયે પડતી મુશ્કેલીઓ માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકશો.

<u>યોજનાની પાત્રતાની શરતો / ધોરણ નીચે મુજબ રહેશે.</u>

(૧) અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઇએ.(સફાઇ કામદાર અથવા તેના આશ્રિત ન હોય તેવા) (૨) અરજદારના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૩.૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહિ. (૩) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ. (૪) અરજદાર કે તેમના આશ્રિત સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ. (૫) અરજદાર કે તેમના કુટુંબના આશ્રિત સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે. (૬) વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.

સહી/- મેનેજીંગ ડીરેક્ટર
ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)
ગાંધીનગર

(માહિતી/૨૫૬૭/૨૩-૨૪)